


# અરવલ્લી જિલ્લામાં પી.એમ.ના નિર્ણયને બેંકોએ વધાવી મહત્તમ એટીએમને કેશલેશ કર્યા... પ્રજાજનો પરેશાન

મોડાસા, તા.૨૬

અરવલ્લી જિલ્લા તેમજ જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નોટબંધીના નિર્ણયને વધાવી લઈ કેશલેશ ટ્રાન્ઝેકશનને પ્રોત્સાહનના બદલે જિલ્લાના તેમજ મોડાસાના મહત્તમ એટીએમ કેશલેશ બની જતા તેમજ મોટાભાગના એટીએમના શટર ૪૮મા દિવસે પણ બંધ રહેતા લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. જિલ્લાના પ્રજાજનોએ તાત્કાલિક એટીએમમાં નાણાં જમા કરી પ્રજાજનોએ પડતી ભારે હાલાકી દૂર કરવા માંગ કરી રહ્યા છે. છતાયે પૈસે રૂપિયા ન મળતા જિલ્લાવાસીઓમાં કચવાટ સાથે બેબાકળા બની ગયા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૮ નવેમ્બરે ૫૦૦ અને ૧૦૦૦ની નોટ પાછી ખેંચવાની મધ્યરાત્રીએ જાહેરાત કરવામાં આવતા અફડાતફડી મળી ગઈ હતી. જાહેરાત કરવામાં આવતા અફડાતફડી મચી ગઈ હતી. જાહેરાત બાદ તરત જ લોકોએ જુની નોટ જમા કરાવવા માટે બેંકો તરફ દોટ મુકી હતી અને થોડા દિવસોમાં કરોડો રૂપિયા બેંકોમાં જમા થઈ ગયા હતા. નાણાં જમા કરાવ્યા બાદ લોકો પાસે નાણાં ખૂટી પડતાં નાણાં લેવા માટે બેંકો એટીએમ જ સહારો રચ્યો હતો અને ધીમે ધીમે સ્થિતિ થાળે પડી જશે નો આશાવાદ પછી પણ અરવલ્લી જિલ્લામાં નોટબંધીના ૪૮ દિવસ સુધી પણ એટીએમ શોભાના ગાંઠીયા બની જતા લોકો રીતસરના ફાંફા મારી રહ્યા છે. જિલ્લામાં મોટાભાગની બેંકોમાં રૂપિયા મેળવવા લાઈનો યથાવત જોવા મળી હતી.

મોડાસા શહેરમાં એટીએમમાંથી રૂપિયા ન નીકળતા ઉપાડવા આવતા લોકોએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે વડાપ્રધાન મોદીએ નોટબંધીના પગલે કેશલેલ ટ્રાન્જેકશન પર ભાર મૂકતાની સાથે જ જાણે જિલ્લા અને મોડાસા શહેરની બેંકેઓ આ નિર્ણયને વધાવી લઈ એટીએમ કેશલેશ કરી દીધા છે. મોડાસા શહેરમાં ૧૪ એટીએમમાંથી ફકત ૪ જ એટીએમ મશીશનમાંથી રૂપિયા નીકળતા હોવાથી અને અન્ય એટીએમ બંધ હોવાથી લાઈનો યથાવત જોવા મળી રહી છે.




## આજે સરહદી બનાસકાંઠા જીલ્લામાં ૧૪ તાલુકામાં ૫૨૬ ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાશે

સરહદી બનાસકાંઠા જીલ્લા માં આજે ગ્રામપંચાયત ની ચૂંટણી યોજાનાર છે જિલ્લા ના ૧૪ તાલુકા માં ૫૨૬ ગ્રામ પંચાયત ની ચૂંટણી માટે ૧૦હજાર થી વધુ સરકારી સ્ટાફ જીલ્લાના ૧૬૦૦ જેટલા મતદાન મથકો પર ફરજ બજાવાના છે ગ્રામ પંચાયત ની ચૂંટણી દરમિયાન મતદાન મથકો પર કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ૩૦૦૦ થી વધુ પોલીસ કર્મીઓને તૈનાત કરવામાં આવ્યા છે તેમજ ૧૨૬ જેટલા ચૂંટણી અધિકારી મતદાન મથક પર નિમણુંક કરવામાં આવી છે એ સિવાય ૧૪૮ ઝોનલ અને સેકટર ઓફિસર ગ્રામ પંચાયત ની ચૂંટણી માં મતદાન મથક પર બાજ નજર રાખશે બનાસકાંઠા જિલ્લા ના ૧૪ તાલુકા માં ૫૨૬ ગ્રામ પંચાયત ની ચૂંટણી માં૧૮૦૦ થી વધુ સરપંચ ઉમેદવાર અને ૫૮૭૬ સભ્યો ચૂંટણી મેદાન ના જંગ માં છે ત્યારે ગ્રામ પંચાયત ની ચૂંટણી માં ૧૨ લાખ થી વધુ મતદારો છે જિલ્લા માં ૭૦ જેટલી પંચાયત સમરસ થઈ છે મતદાન પ્રકિયા શાંતિપૂર્ણ માહોલ માં સંપન્ન થાય તે માટે વહીવટી તંત્ર દ્વારા ચુસ્ત વ્યવસ્થા ગોઠવામાં આવી છે જિલ્લા માં ૭૦ જેટલી પંચાયત સમરસ થઈ છે.

તલોદ - હિંમતનગર રોડ ઉપરના એક ડીવીજી કેમિકલ નામના ઔદ્યોગિક એકમમાં આકસ્મિત આગ ફાટી નીકળતા અફડા તફડીનો માહોલ સર્જાયો હતો. જયાં ફાયર સેફ્ટીના ઉપકરણો ઉપલબ્ધ ન હોવાથી દહેશતનો માહોલ પેદા થયો હતો. જેથી પ્રાંતિજ-હિંમતનગરના ફાયર ફાઈટરોએ ભારે જહેમત ઉઠાવી આગ ઉપર કાબુ મેળવતાં સૌ કોઈએ રાહતનો દમ લીધો હતો. ઔદ્યોગિક એકમોમાં જાહેર સલામતીના સાધનોનો અભાવ એક ગંભીર બાબત છે.



## ઈસરીમાં મેઘરજ તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળની બેઠક મળશે

મેઘરજ, તા.૨૬

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના નિવૃત્ત કર્મચારીઓનો ૨૮મો પેન્શન ડે ઈસરી ખાતે આગામી ૧૫-૧-૨૦૧૭ ને રવિવારના રોજ ઈસરી હાઈસ્કૂલમાં ૧૧ વાગે યોજાનાર છે. જેમાં આવનાર પેન્શનરોને સૌ પ્રથમ ૧૦ વાગે પેટનું ભાથું લીધા બાદ કાર્યક્રમની શરુઆત થશે.

સદર નિવૃત્ત કર્મચારી મંડળની સામાન્ય સભાના પ્રમુખ સ્થાને મા. શ્રી મહેન્દ્રભાઈ કે પટેલની રાહબારી હેઠળ યોજાશે. જયારે મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજય પેન્શનર્સ એસોસિએશન - વડોદરાના કન્વીનર તરીકે મણીલા ગો. સુથાર ઉપસ્થિત રહેનાર છે. આ પ્રસંગે ૧-૧-૧૯૪૧ થી ૩૧-૧૨-૧૯૪૧ સુધીમાં જન્મેલા નિવૃત્ત કર્મચારીઓ જેઓ ૭૫ વર્ષ પૂર્ણ કરે છે તેમનું સન્માન થનાર હોવાથી માહિતી મંત્રી નરેન્દ્રકુમાર પુ. પડ્યા તથા પ્રમુખ સુરેશભાઈ હ. કટારાને મોકલી આપવી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કારોબારી સદસ્યો અને સેવાભાવી પેન્શનરો જહેમત ઉઠાવી રહ્યા છે.

તાલુકાના તમામ પેન્શનર ભાઈ-બહેનો એ સમયસર ઉપસ્થિત રહેવા પ્રમુખ મંત્રીની વિનંતી છે.

# લાલાજીની મુવાડીમાં શ્રી ખોડિયાર માતા મંદિરનો પાટોત્સવ ઉજવાયો

તલોદ, તા.૨૬

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના લાલાજીના મુવાડી પંથકમાં આવેલા શ્રી ખોડિયાર માતાજીના



મંદિરનો પાટોત્સવ આજે ભારે ભક્તિભાવપૂર્વક શાસ્ત્રોક્ત વિધિ અનુસાર સંપન્ન થયો. આ પ્રસંગે હજારોનું માનવ મહેરામણ ઊમટી પડ્યું હતું. જયાં સ્વયંભૂ લોકમેળા યોજાયો હતો.

લાલાજીના મુવાડી પંથકમાં આવેલા આઈ શ્રી ખોડિયાર માતાજીનું સ્થાનક છેલ્લા દાયકાથી આસપાસના ૧૨ મુવાડા તથા અન્ય ડઝનબંધ ગામોના હજારો માઈભક્તોના આસ્થાનું કેન્દ્ર બન્યું છે. વગડા જેવા વેરાન સ્થળે આ સ્થાનક આવેલ છે. જયાં પહોંચવા યોગ્ય રોડ માર્ગની પણ સુવિધા નથી. ત્યારે તેવા સંજોગોમાંય ૯ વર્ષ પહેલા આ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા આસપાસના ગામોના ભાવિક દાતાઓના સથવારે મંદિરના મહંત શંકરદાસએ કરી હતી. જેનો ૯મો પાટોત્સવ માગશર મહિનાની પૂનમના દિવસે અનંત ભક્તિ ભાવપૂર્વક યોજાયો હતો. જેમાં ૫૦૦૦થી વધુ અબાલવૃદ્ધ ભાવિકોએ જોડાઈને ધન્યતા અનુભવી હતી.

મંદિરના મહંત આ સ્થાનકને એક વિકાસશીલ ખોડલધામ બનાવવા ભારે આશાવાદી છે. જે માટે લોકભાગીદારી અનિવાર્ય હોવાનું તેઓએ એક મુલાકાતમાં કહ્યું હતું. આજે અહિં આવેલા હજારો ભક્તોને ભોજનપ્રસાદ વિના મૂલ્યે પુરો પાડવાનું પ્રશંસનીય આયોજન કરવામાં આવ્યું હતું.

## ખેડબ્રહ્મા કૉલેજમાં સંસ્કૃત ગૌરવ પરીક્ષાનું આયોજન

ખેડબ્રહ્મા, તા.૨૬

ખેડબ્રહ્મા ડી ડી ઠાકર આટ્ર્સ અને કે જે પટેલ કોમર્સ કૉલેજ સંસ્કૃત વિભાગ અને સંસ્કૃત ભારતી - ગુજરાતના સંયુક્ત ઉપક્રમે સંસ્કૃત ગૌરવ પરીક્ષ-૨૦૧૭નું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં પ્રદીપિકા પરીક્ષામાં ૫ અને પ્રવેશિકા પરીક્ષામાં ૮૭ વિદ્યાર્થીઓ ઉત્સાહ પૂર્વક જોડાયા હતા. સંસ્થાના આચાર્યના માર્ગદર્શન મુજબ પરીક્ષાનું આયોજન થયું હતું. સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. કે. ડી. પટેલ, પ્રા. હિનાબેન ભોજક અને ડૉ. દિલીપ સોંદરવાએ આયોજનને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

# સાંબરકાંઠા-અરવલ્લીની ૪૫૦ ગ્રામ પંચાયતો પર કબજો મેળવવા ઉમેદવારોનું એડીચોટીનું જોર

મોડાસા, તા.૨૬

અરવલ્લી - સાબરકાંઠા જિલ્લામાં આજે યોજાનાર મતદાન પહેલા સોમવારની રાત્રીએ બંને જિલ્લાની ૪૫૦ ગ્રામ પંચાયતના ઉમેદવારો ઈલેકશનમાં કતલની રાત ગણાતી રાત્રીએ એડી ચોટીનું જોર લગાવી તમામ શક્તિઓ કામે લગાડી, લોભામણી અને લલચામણી જાહેરાતો અને રૂપિયા અને દારૂના જોરે મતદારોને રાઝવી સરપંચ પદ ખિસ્સામાં સેરવી લેવા અધીરા બની ગયા છે.

સાબરકાંઠા - અરવલ્લી જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ગ્રામ પંચાયતના સરપંચ પદનો હોદ્દો મોભાદાર હોવાની સાથે મલાઈદાર પણ હોવાથી તે પદ હાંસલ કરવા માટે ઉમેદવારો વચ્ચે ભારે રસાકસી જામી હતી. રવિવારને સાંજના ૫ વાગ્યા પહેલા અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાની ૪૫૦ ગ્રામ પંચાયતોમાંથી અનેક ઉમેદવારોએ રવિવારની રાત્રીએ ખાટલા પરિષદથી માંડી કયાંક ભૂવાની મદદ લીધી હતી. મંગળવારે થનાર પહેલાની સોમવારની રાત્રીએ સરપંચ પદ અને સભ્ય પદના ઉમેદવારોમાંથી અનેક ઉમેદવારો દ્વારા લોભામણી, લલચામણી જાહેરાતો સાથે રોકડ રૂપિયા અને મતદારોને રીઝવવા માટે રીતસરની દેશી અને વિદેશી દારૂની નદીઓ વહેવડાવી દીધી હતી. સ્વરાજયની ચૂંટણીઓમાં સરપંચ પદ માટે ગ્રાન્ટની રકમાં વધારો થતાં સરપંચ પદ મેળવવા માટે મત મેળવવા રીતસર નાણાંની કોથળીઓ છૂટી મૂકી દીધી હોવાની ચર્ચાઓ થઈ રહી છે.




### અરવલ્લી - સાબરકાંઠા જિલ્લામાં કેટલાક ગામડાઓમાં ‘દારૂ-નોટ નહિ ચાલે’ના બેનરો

અરવલ્લી - સાબરકાંઠા જિલ્લામાં સ્વરાજયની ચૂંટણીઓમાં મંગળવારે થનાર મતદાન પહેલા કેટલાક ગામડાઓનાં મોહલ્લાઓના બહાર કેટલાક સૂચક બેનરો લાગ્યા છે. જેમાં ધનસુરા ગ્રામ પંચાયત સહિત અને ગ્રામ પંચાયતોના વિસ્તારમાં ‘સોચ સમજક દેંગે વોટ અબ નહિં ચલેગા દારૂ-નોટ’ ના બોર્ડ લાગતા સરપંચ પદના ઉમેદવારો દ્વારા મતદારોને લલચાવવા અન્ય લોભામણી જાહેરાતો આપી તેમના મળતિયાંઓને ભૂલથી પણ બેનરો વાળા મહોલ્લામાં દારૂની ચર્ચા ન કરવા સ્પષ્ટ પણે જણાવી દેવામાં આવ્યું હતું. જયારે કતલની રાત્રીએ કેટલાક દારૂના શોખિન યુવાનો સહિત વૃદ્ધો દ્વારા ઉમેદવારોને ‘બાટલી નહિ તો વોટ નહી’ રોકડું પરખાવી દેતા વિભિન્ન પરિસ્થિતિ પેદા થઈ હતી.



## જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ ખાતે અટલ સ્નેહ યોજના લોકાર્પણ અને કાર્યશાળા

જી.એમ.ઈ. આર. એસ. મેડીકલ કોલેજ હિમતનગર ખાતે અટલ સ્નેહ યોજના લોકાર્પણ અને કાર્યશાળાનો કાર્યક્રમ યોજાયો. આ કાર્યશાળામાં મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. મનીષ ફેન્સી દ્વારા આ યોજના હેઠળ બાળકોનીવિવિધ જન્મજાત ખામીઓની તપાસ, તમામ ડીલીવરી પોઈન્ટ્સ અને સારવાર અંગે ઉપસ્થિત સર્વેને જાણકારી આપેલ. આ કાર્ય શાળામાં જીલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપ (આઈ.એ.એસ.), જીલ્લાવિકાસ અધિકારી હર્ષ વ્યાસ (આઈ.એ.એસ.), આર.સી એચ.ઓ. ડો. શ્રીમાળી, શહેરના સ્ત્રીરોગ નિષ્ણાત અને બાળ રોગ નિષ્ણાત પણ આ કાર્યક્રમ માં વિશેષ ઉપસ્થિત રહેલ.

## અમદાવાદ ખાતે બે દિવસીય હેમટોલોજી કોન્ફરન્સનો પ્રારંભ

હેમેટો-ઓન્કોલોજી ક્લિનિક અને એસોસિયેશન ઓફ ફિઝિશિયન્સ ઓફ અમદાવાદના સંયુક્ત ઉપક્રમે ઉસ્માનપુરા ખાતે આવેલી હોટલ હયાત્ત રેજન્સી ખાતે બે દિવસીય હેમેટોલોજી અપડેટ કોન્ફરન્સનો પ્રારંભ કરવામાં આવ્યો છે. છેલ્લાં ૧૦ વર્ષમાં આયોજિત આ પાંચમી કોન્ફરન્સ હેમેટોલોજી અને ઓન્કોલોજી ક્ષેત્રમાં સીમાચિહ્નરૂપ સમાન છે.

વેદાન્તા હેમેટોલોજી-ઓન્કોલોજી ક્લિનિક ખાતે આઠ બ્લડ અને કેન્સર સ્પેશિયાલિસ્ટનું એક ગ્રુપ છે, જેઓ ૧૦ વર્ષથી સાથે પ્રેક્ટિસ કરે છે. બ્લડ કેન્સર અને થેલેસેમિયા, હીમોફિલિયા, એનિમિયા, પ્લેટલેટ અને બ્લીડીંગ સંબંધિત બિમારીઓ બ્લડ સંબંધિત રોગ કહેવાય છે.

ઉલ્લેખનીય છે કે બિમારીઓના નિદાન અને તેના મેનેજમેન્ટ માટે ખુબજ ઝડપથી નવીન પદ્ધતિઓ શોધાઈ રહી છે ત્યારે ડોક્ટર્સ તેમના દર્દી માટે શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કરે તે સુનિશ્ચિત કરવા ડોક્ટર્સ સતત ફેરફારો અંગે વાકેફ રહે તે અત્યંત જરૂરી છે.

# અરવલ્લીની ૧૮૬ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ૪ લાખ મતદારો ૨૮૮૪ ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે

મોડાસા, તા.૨૬

અરવલ્લી જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ માટેનું ગત તા.૫મી ડિસેમ્બરે જાહેરનામું બહાર પડતાં ૬ તાલુકાની ૧૯૮ ગ્રામ પંચાયતોની ચૂંટણીનું રણશિંગું ફૂકાયું હતું જેના પગલે સરપંચ તેમજ વોર્ડ સભ્યો માટે ઉમેદવારી ફોર્મ ભરાયા પછી છેલ્લે પરત ખેંચવાના આખરી દિવસે ચિત્ર સ્પષ્ટ થઈ જતાં સરપંચ પદની ૧૮૩ બેઠકો માટે ૭૧૪ અને વોર્ડ સભ્યોની બેઠકોમાં ૨૧૭૦ ઉમેદવારો હવે ચુંટણીમાં જંગમાં રહેતા આગામી ૨૭મીએ ચૂંટણી યોજાશે.

જેમાં ૧૮૬ ગ્રામ પંચાયતોના બધા મળી ૨૮૮૪ ઉમેદવારનું ભાવિ આ પંચાયતોમાં નોંધાયેલ ૪,૦૩,૪૩૦ મતદારો નક્કી કરશે. જેમાં ૨,૦૭,૮૦૨ પુરુષ મતદારો અને ૧,૮૫, ૬૨૮ સ્ત્રી મતદારોનો સમાવેશ થાય છે. જિલ્લામાં ૧૯૮ ગ્રામપંચાયતો પૈકી ૧૪ પંચાયતોના સરપંચો બિનહરીફ (સમરસ) થતાં અને તે પૈકી ૯ ગ્રામ પંચાયતો સંપૂર્ણ બિનહરીફ જાહેર થતાં હવે ૧૮૬ ગ્રામ પંચાયતોમાં સરપંચ તેમજ વોર્ડ સભ્યોની ચૂંટણી યોજાશે.

આ ચૂંટણી માટે જિલ્લમાં બધી મળી ૫૭૩ મતદાર મથકો પૈકી ૧૬૫ મતદાર મથકો સંવેદનશીલ અને ૧૪૨ મતદાર મથકો અતિસંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા છે. ૬ તાલુકાના તમામ ૫૭૩ મતદાન મથકોમાં ૧૨૨૮ મતપેટીઓની વ્યવસ્થા કરવામાં આવી છે.

જિલ્લામાં હવે સરપંચની ૧૮૩ બેઠકો અને વોર્ડ સભ્યોની ૯૨૩ બેઠકોની ચૂંટણી યોજાશે. જેમાં ચૂંટણી કામગીરી અર્થે ૬૪ ચૂંટણી અધિકારીઓ, ૧૪૦ મદદનીશ ચૂંટણી અધિકારીઓ, ૩૭૧૪ જેટલો ચૂંટણી પોલિંગ સ્ટાફ નિયુક્ત નિયુક્ત કરવામાં આવ્યો છે.

જિલ્લા કલેકટર શાલીની અગ્રવાલની નિગરાની હેઠળ સમગ્ર જિલ્લામાં ૬ તાલુકાઓમાં યોજાનાર આ ચૂંટણીમાં સૌથી વધુ ભિલોડા તાલુકામાં ૫૬ પંચાયતોની અને સૌથી ઓછી ધનસુરા તાલુકામાં ૧૩ પંચાયતોની ચૂંટણી યોજાનાર છે આ ઉપરાંત બાયડમાં ૪૨, મેઘરજમાં ૨૬, મોડાસામાં ૨૬ અને માલપુરમાં ૨૨ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાશે. જે તે બુથ અને મતદાન મથકો ઉપર ચુસ્ત બંદોબસ્ત પણ જિલ્લા પોલીસવડા એન. કે. ડામોરે ગોઠવવા સુરક્ષાકર્મીઓ તૈનાત કર્યા છે.



## માતા અમૃતા નંદમઈ દ્વારા સાલ અને સ્વેટરનું વિતરણ

માતા અમૃતાનંદમઈ મઠ તરફથી ગામ - નાની બોઆઈને દત્તક (ગોદ) લેવામાં આવ્યું છે. અને આ ગામમાં અનેક પ્રકારના વિકાસશીલ કાર્યો કરવામાં આવે છે. જેમ કે સ્વાસ્થ્ય, એજ્યુકેશન, ઈનકમ જનરેશન, વુમન પાવર, ખેતી - આ મુદ્દાઓ પર કામ કરવામાં આવે છે. સખી મંડળની ગરીબ મહિલાઓને માતા અમૃતા નંદમઈ મઠ તરફથી સાલ-સ્વેટર-ટોપી વગેરે દાન કર્યું. અને તે દિવસે સ્વાસ્થ્ય જાગૃતિ રેલી કાઢી હતી.આ રીતે માતા અમૃતાનંદ મઈ મઠ દ્વારા આવા અનેક વિકાસના કાર્યો કરવામાં આવે છે.